

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સરમુખત્યારી કોઈની કોર્ટ ચાલવા નહીં દે!*
*અને સત્તાની જોહુકમી કોર્ટ ફાલવા નહીં દે!*
*ચાલવા નહીં દે એમ મામાનું ઘર માનીને -*
*દેશને, 'અનાથ'નું દુઃખ, કોર્ટ સાલવા નહીં દે*
*(ન્યાય કોર્ટનો ન્યાય દંડ)*

હાઈકુ

*કરે છે મ્યાંઉ!*
*હવે સંઘને પણ -*
*સંઘની બિલ્લી...*

*બીસીસીઆઈ*
*ને ચાવવા પડશે -*
*'લોઢા'ના ચણા...*

### ચિંતન

**અધ્વા મનુષ્યણાં વાજિનાં બંધનં જરા । અમૈથુનં જરા ક્ષીણાં વસ્ત્રાણાંમાતપો જરા ॥**

ચાણક્યનીતિ શાસ્ત્રનો આ શ્લોક છે :

સદાય પ્રવાહમાં રહેતા કે પદયાત્રાઓ કર્યા કરતા મનુષ્યો (અનિયમિત અને જેવું-તેવું ખાવાનું મળતાં તથા ઠેર-ઠેરના પાણી પીવાથી વૃદ્ધાવસ્થા જલ્દી આવે છે.

ઘોડો સદાય બાંધેલો જ રાખવાથી તેને ચરબી ચઢી જાય છે. ચાલવા-દોડવાની ટેવ છૂટી જઈ પછી તે સવારીના કામમાં આવતો નથી અને તે જલદી વૃદ્ધ થઈ જાય છે.

જીવનનો બધી રીતનો ઉપભોગ ભોગવ્યા વિનાની (અપરિણિતા) સ્ત્રી પણ જલદી વૃદ્ધ દેખાવા લાગે છે.

અને ધોયેલા કપડાં સતત તાપમાં સૂકવવાથી પણ જલદી જીર્ણ થઈ જાય છે. રેશમી-ગરમ-નવા કપડાં છાંયડે-હવામાં સૂકવવા જોઈએ. (એવી રામાને સૂચના આપવી - આપણે તો કયાં આવાં કામ કરીએ છીએ?!)

ચાણક્યએ વ્યવહારુ વાત આ શ્લોકમાં કરી છે.

### સુવિચાર

- કોણે કહ્યું કે લક્ષ્ય ઉપર હોવી જોઈએ, ડગ માંડવું હો ત્યાં જ નજર હોવી જોઈએ,
  જે જોઈએ છે તે મળે જ છે આખરે, પણ શું જોઈએ છે એની ખબર હોવી જોઈએ - **હેમંત પૂણેકર**
- આશા એ જાગતા માણસનું શમણું છે - **એરિસ્ટોટલ**
- જિંદગી કિશ્તોં મે જી કર કયા કરોગે, રિશ્તોં મેં જી કર દેખો...
  ઈસકા મઝા હી કુછ અલગ હૈ - **ગુલઝાર**
- ભૂતકાળની ભૂલોને ભવિષ્યની સફળતાથી સમતોલ કરો,
  તમારા ભૂતકાળને તમને શીખવવા દો - **રોબિન શર્મા**
- સમય ને તમારો માલિક બનાવવા કરતાં સમયને તમારો નોકર બનાવો - **સમયસૂત્ર**
- એક ક્ષણનું ચિંતન એક કલાકની વાણી બરાબર છે - **ઝેન કથન**
- આજનું ઔષધ : આફરો ચડે તેને સુવાની ભાજીનો રસ એક તોલો લેવો. (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આપણો અંતરાત્મા હંમેશા આપણને ચેતવણી આપી-સૂચના પણ આપે છે કે આ સાચું નથી ખોટું કરે છે. પણ આપણે લોભ-મોહ-લાલચને કારણે એના અવાજને દબાવી દઈએ છીએ. રાવણ જાણતો હતો કે હું ખોટું કરું છું... રામને હાથે મરવા જ અધર્મ કર્યો... આપણે ભણેલા-ગણેલા-સમજુ હોવા છતાં - ખોટાં નિર્ણયો લઈએ છીએ. એવી સમજ શું કામની...

યુદ્ધમાં હારી-કુળ-પરિવારના નાશ પછી દુર્યોધન, ભીષ્મ પિતામહના પગ પાસે બેસી આ વિનાશ જોઈ રડતો હતો. ભીષ્મે કહ્યું, બેટા હવે રડવાનો કોઈ અર્થ નથી. તમે આ પરિણામનો કોઈ અંદાજ હતો જ નહીં?

દુર્યોધને કહ્યું, હું અધર્મ આચરું છું. એનો મને પહેલેથી જ ખ્યાલ હતો. માત્ર રાજગાધી પર ટકી રહેવા અને દ્રૌપદીનું અભિમાન ઉતારવા મેં અધર્મ-અન્યાય કરી યુદ્ધ કર્યું અને પરિણામની મને ખબર હતી પણ હું પાછો ન વળી શક્યો!

ભીષ્મે કહ્યું બેટા! અંતરાત્માના અવાજ પ્રમાણે સમજણપૂર્વક જો આચરણ ન થાય તો સમજણનો શું અર્થ?!

## કેન્દ્રની કાશ્મીરનીતિ મહેબૂબાને કબૂલ નથી

### તંત્રીસ્થાનેથી...

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી અને પીપલ્સ ડેમોક્રેટીક પાર્ટીના સંસ્થાપક મરહૂમ મુફતી મહંમદ સઈદના અવસાન પછી ફરી એક વાર ખીણનું રાજકારણ ચકડોળે ચડ્યું છે. મુફતી અજાતશત્રુ કહી શકાય એવા નેતા હતા. એમણે વિશ્વનાથ પ્રતાપસિંહની સરકારમાં દેશના ગૃહમંત્રીની ખુરશી શોભાવી હતી અને ખીણનાં અરાજકતાવાદી તત્વો સાથે પણ એમના મધુર સંબંધ હતા. સરહદ પારના આઝાદ કાશ્મીરમાં અને પાકિસ્તાનમાં પણ એમના શુભેચ્છકો હતા. શેખ અબ્દુલ્લાના પરિવારના પ્રભાવમાંથી મુક્ત બનેલા કાશ્મીરીઓને મુફતીમાં એક મુક્તિદાતા દેખાતો રહ્યો છે. હવે જયારે મુફતી સદેહે હયાત નથી ત્યારે એમનો રાજકીય વારસો જીવંત રાખવા માટે ખીણની પ્રજા એમના ઝુઝારુ સુપુત્રી મહેબૂબા પર મદાર રાખે તે સ્વાભાવિક છે. મહેબૂબા પીડીપીનાં સર્વેસર્વા છે અને મુફતી સરકારમાં અડધોઅડધ પાર્ટનરશિપ ધરાવતા ભારતીય જનતા પાર્ટીએ મુફતીના અવસાન પછી મહેબૂબા તત્કાળ સત્તાના દોર સંભાળી લે, એવી અપેક્ષા પણ સેવી હતી, જેથી સત્તામાં ભાજપની ભાગીદારીને આંચ ન આવે અને જૂનાં સમીકરણ જળવાઈ રહે, મહેબૂબા માટે મુખ્યમંત્રીપદ હાથવગું હોવા છતાં એમણે સરકાર રચવાની તૈયારી ન દર્શાવી એથી નાછૂટકે કેન્દ્રનેય જમ્મુ અને કાશ્મીરમાં વખત પૂરતું રાષ્ટ્રપતિ શાસન લાદવાની ફરજ પડી છે. મહેબૂબા એક એક ડગલું ફૂંકી ફૂંકીને ભરે છે. છેલ્લે એમણે કરેલું નિવેદન સહયોગી ભાજપ પ્રત્યેનો એમનો અણગમો દર્શાવે છે. એમણે કહ્યું છે કે ખુરશી અને સિદ્ધાંત વચ્ચે પસંદગી કરવાની હશે તો પોતે સિદ્ધાંતને - આદર્શોને ('ઉસૂલોને') વળગી રહેવું પસંદ કરશે. આ એમનું કાશ્મીરી પ્રજા પ્રત્યેનું કમિટમેન્ટ છે, જે એમને પ્રજાના દિલમાં રાજ કરવા માટે અનુકૂળતા કરી આપે છે. ભાજપ સાથે ગઠબંધન કરવામાં પિતા મુફતી જેટલાં એ ઉદાર અને સમાધાનકારી નથી, એવું ઠસાવીને મહેબૂબા જરુર પડ્યે સમાન વિચારધારાવાળી બિનસાંપ્રદાયિક પાર્ટી અર્થાત્ કોંગ્રેસ સાથે પણ સાંઠગાંઠ કરી શકે છે, અને નેશનલ કોંગ્રેસ જેવી દુશ્મન પાર્ટીનો બહારથી ટેકો પણ મેળવી શકે છે - એવા સંકેતો ભાજપ અને વડાપ્રધાન મોદી માટે 'નવરામણિયા' જેવા છે. યેનકેન પ્રકારેણ આ મુસ્લિમ બહુલ સરહદી રાજયમાં સત્તાનાં સોપાન ચડી શકેલી પાર્ટી માટે આ લોખંડી મનોબળ ધરાવતી કાશ્મીરી મહિલા ગળાની ફાંસ બની રહી છે. ભાજપે તો કાશ્મીરી પંડિતોના પુનર્વસન માટે મોટે ઉપાડે વચનોની લ્હાણી કરી હતી. એમનાં માટે અલગ કોલોની રચવા માટે ગૃહમંત્રી રાજનાથસિંહે મુફતી સરકાર પાસે જમીનની માગણી પણ મૂકી હતી. પીડીપીને કે કાશ્મીરમાં વર્ષો સુધી સત્તા ભોગવતી રહેલી ફારુખ-ઓમરની નેશનલ કોન્ફરન્સ પાર્ટીને આ ફોર્મ્યુલા કબૂલ નથી. મુફતી પંડિતોને પાછા લાવવા સહમત હતા, પણ એમને અલગ વસાહત આપી કાશ્મીરને બીજું ઈઝરાયેલ બનાવવા હરગિજ તૈયાર નહોતા. કાશ્મીરી પંડિતોને કાશ્મીરી મુસલમાનો સાથે દૂધમાં સાકરની જેમ હળીમળીને, એમની વચ્ચે જ રહેવું હોય તો સરકાર એમને વસાવવા તૈયાર હતી. જો કે વિસ્થાપિત થયેલા કાશ્મીરી પંડિતોએ જે કારમી વેદના વેઠી છે, એનું ફરી કયારેક પુનરાવર્તન થાય એવા ઝેરનાં પારખાં કરવા પંડિતો પણ તૈયાર નથી. એમને વતન જરુર વહાલું છે, પણ વતન કરવા પંડિતો પણ તૈયાર નથી. એમને વતન જીવ વધુ વહાલો હોય તે સમજી શકાય એમ છે. પીડીપી ૩૭૦મી કલમ સાથે ચેડા કરવા માગતી બીજેપી સાથે સત્તાના ભાગીદારી કરી બેઠી એથી ખીણના મુસલમાનોનો વિશ્વાસ ગુમાવી ચૂકી છે. એ વિશ્વાસના પુનઃસ્થાપના માટે મહેબૂબા હવે કેન્દ્ર સરકાર જ અવિશ્વાસનું વાતાવરણ દૂર કરવાની પહેલ કરે એવી શરત મૂકી રહ્યાં છે. જમ્મુ અને કાશ્મીરમાં ફરી એક વાર અલગતાવાદી તત્ત્વો હાવી થઈ રહ્યાં છે અને મોદીની કાશ્મીરનીતિ નિષ્ફળતાના કાંગરે આવીને ઊભી છે.

## ન્યાયતંત્રમાં આમ પ્રજાનો વિશ્વાસ વધે તે માટે જવાબદેહી વિધાયક અને મધ્યસ્થતા અને સમાધાન સંશોધન વિધેયક પસાર કરવામાં આવશે



### કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

કેન્દ્ર સરકારે વખતોવખત ભારતના જુના કાયદામાં સુધારા વધારા કરતું તેમજ જુના કાયદા રદબાતદલ ઠરાવવા અવારનવાર લોકસભામાં ઠરાવો પસાર કરેલ છે. પારદર્શક ન્યાયઈક પ્રક્રિયા અનુસાર આમ આદમી અરજદારને સમયસર યોગ્ય અને ન્યાઈક ન્યાય અપાવવાની જવાબદારી નામદાર ન્યાયમૂર્તિઓની છે જે લગત અરજદાર દ્વારા જવાબ મેળવવાનો હક્ક અધિકાર આપતું બીલ પસાર કરવામાં આવશે.

ન્યાઈક માનક અને જવાબદેહી વિધાયકની મુદત પૂરી થવા જઈ રહી છે ત્યારે આગામી સત્રમાં નવા સુધારા વધારા સાથેનું જજોની જવાબદારીમાં વધારો કરતું જવાબદેહી અને ન્યાઈક માનક વિધેયક પસાર કરવામાં આવશે નવા કાયદાથી ન્યાયમૂર્તિની કામકાજની ટેકનિક બદલી નાંખવામાં આવશે.

લોકસભામાં ૨૦૧૨ માં ન્યાઈક માનક અને જવાબદેહી વિધેયક પસાર કરવામાં આવેલ જેની મુદત પૂરી થતા નવેસરથી મુસદ્દો ઘડીને ઠરાવ પસાર કરવામાં આવશે જેથી આમ જનતાને ન્યાય પ્રણાલી ઉપર વિશ્વાસ અંકબંધ જળવાઈ રહે. જનતા ન્યાયાલયને ન્યાયમંદિર અને ન્યાયમૂર્તિઓને ભગવાન સમકક્ષ ગણે છે તેવા સંજોગોમાં ન્યાયમૂર્તિઓની ફરજનિષ્ઠા પ્રમાણીકતા અને કાર્યનિષ્ઠામાં વધારો કરી સરળ, ઝડપી અને ન્યાયીક ન્યાય અપાવવાની જવાબદારીમાં વધારો થશે. વિલંબીત ન્યાય માટે જવાબદારી સ્વીકારી તે મતલબના જવાબ આપવા ન્યાયમૂર્તિઓ વિરૂધ્ધની ફરીયાદોનો પણ ત્વરીત ઉકેલ લાવવામાં અલગ કમીટીની રચના કરવામાં આવશે.

૨૦૧૨ માં લોકસભામાં આ વિધયક પસાર કરવામાં આવેલ પરંતુ રાજયસભામાં અમુક ફેરફાર તથા સૂચનો સ્વીકારી નવેસરથી આખુ વિધયક સર્વસંમતિથી પસાર કરી કાયદાનું સ્વરૂપ આપવામાં આવશે.

ગત સત્રમાં વિધયક ન્યાયપાલીકામાં ન્યાયમૂર્તિઓની જવાબદારી અંગે સવાલ ઉઠાવતા આખા પ્રકરણ સામે આવતા ૨૦૧૨ના બીલમાં સુધારા વધારા સૂચવી નવા સ્વરૂપે તૈયાર કરી અમલવારી માટે આમજનતા સમક્ષ મુકવામાં આવશે. ન્યાયમૂર્તિએ કરેલ કામ પારદર્શીય તથા જવાબદારીવાળુ હોવાના સૂચનોનો સ્વીકાર કરવામાં આવતા આગામી સમયમાં રાજયસભામાં નવો કાનૂન પસાર કરવામાં આવશે જેનાથી આમ પ્રજાનો ન્યાયપાલીકા ઉપરનો વિશ્વાસ સુદ્રઢ થશે. ન્યાયપાલીકામાં પાદર્શીતાએ હાલના સમયની માંગ છે. એડવાન્સ ટેકનોલોજીનો ઉપયોગ જયુડીશીયરીમાં કરવામાં આવશે તેમજ જરૂર જણાય તેવા કેસોમાં વિડીયો કોન્ફરન્સથી પણ આરોપીની જુબાની જેલમાં બેઠા લઈ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે. હાલમાં જ આશારામનું એફ.એસ. જોધપુર જેલમાંથી જ ગાંધીનગરની કોર્ટના જજે મેળવી કેસની આગળની કાર્યવાહી ચાલુ કરેલ એક જયુડીશીયલી એકડેમી ભોપાલમાં શરૂ કરવામાં આવી છે. ફોરેન્સીક સાયન્સ યુનિર્વસીટી ગાંધીનગર ખાતે ૭૦૦ નવા ભરતી કરેલ જજોની ટ્રેનીંગ આપવામાં આવેલ ફેબ્રુઆરી ૨૦૧૬ માં જજોની બીજા બન્ચને પણ ટ્રેનીંગ આપવામાં આવશે જેથી જયુડીશીયલ મેજીસ્ટ્રેટ પણ આધુનિક ટેકનોલોજીથી સુમાહિતગાર થઈ સમય અને ટેકનોલોજી સાથે તાલમેળ મેળવી સુદ્રઢ અન સુયોગ્ય ન્યાય પધ્ધતિથી આમ જનતાને ઝડપી અને સરળ ન્યાય અપાવી શકાશે તેમજ પોતાની જવાબદારી નક્કી થતા ન્યાયાધીશો પણ જનતાને જવાબદારીમાંથી છટકી શકશે નહી.

કાયદા મંત્રીએ જયુડીશીયલ ઓફિસરની ખાલી જગ્યાઓ ભરવા અને દેશભરની અદાલતોમાંથી કેસોના ઢગલાનો ઝડપી નિકાલ કરવાના પ્રયાસો શરૂ કરેલ છે. નેગોશીયેબલ ઈસ્ટ્રુમેન્ટ બીલ અને મધ્યસ્થતા અને સમાધાન સંશોધન વિધેયક પણ લાવવામાં આવશે જેથી ચાલતા કેસોમાં મધ્યસ્થતાથી સમાધાન થતા ચાલતા કેસોમાં પણ સુખદ નિકાલ આવે અને કોઈપણ સ્ટેજે કેસમાં સમાધાન થઈ શકે તેવી જોગવાઈઓનો અમલ કરવામાં આવશે. ખાસકરીને ક્રિમીનલ કેસોમાં સમાધાન શકય ના હોય કાયદેસરતા પ્રાપ્ત થશે તેમજ આવા વિધેયક દ્વિ મતથી મંજુર કરી દેવામાં આવશે. હાલમાં જ હાર્દિક પટેલ ઉપર લગાડેલા રાજદ્રોહની કલમમાં કોર્ટમાં સમાધાન કાયદાની જોગવાઈ મુજબ સરકાર કરી શકે તેમ ના હોય ખાસ વટહુકમ બહાર પાડી આવા કેસોમાં સમાધાન મંજુર કરવાનું વલણ અખત્યાર કરવામાં આવેલ છે.

અનુસંધાન પાના નં. ૭ પર

## મહારાષ્ટ્રમાં ઠાકરે ઘરાણામાં ઐક્ય અને સત્તારોહણ



### અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

શિવસેનામાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે સમાધાન કરાવવાની કોશિશો કરતા રહેલા મનોહરપંત હજુ પણ માને છે કે રાજ ઠાકરે એમના અલગ પક્ષનો વાવટો સંકેલી લઈને ફરી સ્વગૃહે પાછા ફરે તો શિવ સેનાને મહારાષ્ટ્ર પર શાસન કરવા માટે ભાજપની જરૂર ના પડે. જોકે મોદી યુગમાં જોશીનું આ દિવાસ્વપ્ન સાકાર થવાની શક્યતા નથી કારણ શિવસેનાના ગઢમાં ક્યાં, ક્યારે, કેવાં બાકોરાં પાડવાં એની કુનેહ નરેન્દ્રપંત સુપેરે ધરાવે છે

મહારાષ્ટ્રના ભાજપી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ભારતીય દલિત સમાજના આસ્થાપુરુષ એવા ડૉ.બાબાસાહેબ આંબેડકરના લંડન નિવાસના સંગ્રહાલયનું ઉદઘાટન કરાવે છે ત્યારે ઘરઆંગણે સત્તાના ભાગીદાર એવા શિવસેનાના રિમોટ કંટ્રોલની 'ટિંગળ' (મશ્કરી) કરે છે. ભારતમાં આજકાલ ડૉ. આંબેડકરની રાષ્ટ્રીયસ્તરે ઊજવણી કરવા પાછળની ભાજપી કવાયત ૨૨ ટકા દલિત વોટબેંકને રાજી કરવાની વ્યૂહરચના સવિશેષ છે. ડૉ.બાબાસાહેબને માત્ર દલિતોના નેતા તરીકે નહીં, પણ રાષ્ટ્રના નેતા તરીકે ઉપસાવવાની કવાયતો કરીને ભગવી શક્તિ અને ભીમશક્તિ (હિંદુવાદી અને દલિતવાદી) એકત્ર આણીને સત્તાને વધુ મજબૂત કરવાની કોશિશો સવિશેષ ચાલી રહી છે.ભારતની આર્થિક રાજધાની મુંબઈ પર શાસન કરવામાં 'બિગબ્રધર' વિષયક ભૂમિકા બદલાઈ ચુકી છે. શિવસેનાના સંસ્થાપક પ્રમુખ બાળાસાહેબ ઠાકરેએ કોંગ્રેસનો સાથ છોડીને ૧૯૮૪થી હિંદુ કાર્ડ ખેલવા માટે ભારતીય જનતા પક્ષ સાથે જોડાણ કરવાનું પસંદ કર્યું ત્યારથી લઈને ૧૯૯૫-'૯૯ સેના-ભાજપના સત્તાકાળ દરમિયાન પણ શિવસેના 'બિગ બ્રધર'ની ભૂમિકામાં હતી. મહારાષ્ટ્રમાં શિવસેના મોટાભાઈની અવસ્થામાં અને રાષ્ટ્રીયસ્તરે ભાજપ 'બિગ બ્રધર'ની ભૂમિકામાં. એ યુગ ભાજપી નેતાઓ અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ આડવાણીનો હતો. હવે યુગ બદલાયો છે. હવે નરેન્દ્ર મોદી યુગ ચાલે છે.બાળાસાહેબ જીવિત હતા ત્યાં લગી ભાજપનેતા પ્રમોદ મહાજન અને તેમના જ બનેવી ગોપીનાથ મુંડેનું મહારાષ્ટ્ર ભાજપ પર વર્ચસ્વ હતું. અત્યારે એ ત્રણેય હયાત નથી. મોદી યુગમાં મહારાષ્ટ્ર ભાજપ નાગપુરના આદેશથી કેન્દ્રના મંત્રી નીતીન ગડકરી અને મુખ્યમંત્રી ફડણવીસના નેતૃત્વમાં 'બિગ બ્રધર'ની ભૂમિકામાં આવી ગયો છે. બાળાસાહેબની શિવસેના વેરવિખેર થતી ચાલી. નેતાગીરીનો વારસો પુત્ર ઉદ્ધવ ઠાકરે અને પૌત્ર આદિત્ય ઠાકરે કને જતો નિહાળીને ભત્રીજા રાજ ઠાકરેએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(એમએનએસ)નો અલગ ચોકો કર્યો. શિવસેનાના મુખ્યમંત્રી રહેલા નારાયણ રાણે કોંગ્રેસગમન કરી ચુક્યા અને શિવસેનાના પ્રથમ મુખ્યમંત્રી મનોહરપંત જોશી ભલે શિવસેનામાં હોય, પણ છાસવારે રૂસણે બેસતા રહ્યા છે. ક્યારેક બાળાસાહેબના બ્લ્યુ-આઈડ બોય રહેલા છગન ભુજબળ હવે શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા છે. એ નાયબ મુખ્યમંત્રી પણ રહ્યા છે.

લોકસભાના અધ્યક્ષ અને કેન્દ્રમાં મંત્રી રહેલા મનોહરપંત જોશી છેક ૧૯૬૬માં ઠાકરેએ કોંગ્રેસના ટેકે શિવસેનાની સ્થાપના કરી ત્યારથી બાળાસાહેબના અનન્ય સાથી રહ્યા છે. મુંબઈના મેયર પણ રહ્યા છે. ઠાકરેનો પડ્યો બોલ ઝીલનાર મનોહર પંતને ઠાકરેપુત્ર ઉદ્ધવની સાથે વાંકું પડતું રહ્યું હોવા છતાં આજે ૭૯ વર્ષની વયે પણ એ શિવસેનાના ગણમાન્ય નેતા છે. સ્વયં જોશી પણ ઉદ્ધવમાં બાળાસાહેબનો અવતાર નિહાળતાં એકલે હાથે સત્તામાં આવવાની ક્ષમતા જુએ છે! શિવસેનામાં અને મહારાષ્ટ્રમાં 'સર' તરીકે ઓળખાતા મનોહરપંત જોશીએ હમણાં અહમદનગરમાં ધડાકો કર્યો અને ભાજપ-શિવસેનાની સરકારના ખટરાગમાં નવા વિખવાદનું ઉમેરણ કર્યું છે. હવેના 'બિગ બ્રધર' ભાજપની નેતાગીરીને જોશીની 'ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક થાય તો શિવસેના એકલે હાથે રાજ્યમાં સત્તામાં આવી શકે. એટલી શક્તિશાળી છે' એવું નિવેદન માફક આવે એવું નથી. અત્યાર લગી ભાજપના સર્વોચ્ચ નેતા નરેન્દ્ર મોદી શિવસેનાના વર્તમાન પ્રમુખ ઉદ્ધવ બાળ ઠાકરે અને મનસેના પ્રમુખ રાજ શ્રીકાંત ઠાકરે બેઉને નર્તન કરાવતા રહ્યા છે. બેઉ છેલ્લી ચૂંટણીઓમાં મોદીચાલીસાનું ગાન કરતા હતા. જોકે બંનેના રસ્તા ફંટાયેલા છે છતાં સત્તાકાજે શિવસેનાએ મનેકમને ભાજપ સાથે ઘર માંડ્યા છતાં મહારાષ્ટ્રમાં જાણે કે વિરોધ પક્ષની ભૂમિકામાં હોય એ રીતે વર્તે છે. મનામણાં-રિસામણાંનાં સત્રમાં ભાજપી મુખ્યમંત્રી ફડણવીસે હમણાં ટોણો મારવાની શૈલીમાં (મરાઠીમાં એને માટે 'ટિંગળ' શબ્દ છે) ઉદ્ધવે શાસનનો રિમોટ પોતાને સોંપ્યાની વાત કરીને વિવાદ વકરાવ્યો છે.

**એકબાજુ શિવસેનાના સંસ્થાપક પ્રમુખ બાળાસાહેબની કરોડોની સંપત્તિના વારસાની વડી અદાલતમાં ગાજવીજ, બીજી બાજુ ઉદ્ધવ અને રાજને ભેગા કરવાની ભાંજગડ**

**સત્તારૂઢ ભાજપ અને સેનાની રોજિંદી ખટપટમાં "બિગબ્રધર"ના રિમોટકંટ્રોલના આધિપત્યનો ય ચાલી રહેલો જોરદાર વિખવાદ**

શિવસેનાના નેતા મનોહર પંત જોશીનો રાષ્ટ્રવાદી કોંગ્રેસના સુપ્રીમો શરદ પવાર સાથે સારો ઘરોબો છે. જોકે બાળા સાહેબનો પણ પવાર સાથે જૂનો નાતો રહ્યો હોવા છતાં શિવસેના નેતાઓનો શિકાર કરનાર પવારથી 'માતોશ્રી' એટલે કે વાંદરાસ્થિત શિવસેના પ્રમુખનું નિવાસસ્થાન નારાજ રહેતા આવ્યું છે. જોશી વાર તહેવાર પવારને મળતા રહ્યા છે, પરંતુ હવે ઢળતી ઉંમરે નવું ઘર માંડવામાં એમને સંકોચ છે. ક્યારેક 'માધુકરી' પર જીવતા એટલે કે ચપટી લેવા આવતા બાવાની અવસ્થામાં મુંબઈમાં દિવસો ગુજારનાર મનોહરપંતે શિવસેના અને પોતાના પ્રયત્નોથી અબજોનું સામ્રાજ્ય સ્થાપિત કરેલું છે. કોહિનૂર ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટના સામ્રાજ્યની તો વાત જ નિરાળી છે.શિવસેનામાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે સમાધાન કરાવવાની કોશિશો કરતા રહેલા મનોહરપંત હજુ પણ માને છે કે રાજ ઠાકરે એમના અલગ પક્ષનો વાવટો સંકેલી લઈને ફરી સ્વગૃહે પાછા ફરે તો શિવ સેનાને મહારાષ્ટ્ર પર શાસન કરવા માટે ભાજપની જરૂર ના પડે. જોકે મોદી યુગમાં જોશીનું આ દિવાસ્વપ્ન સાકાર થવાની શક્યતા નથી કારણ શિવસેનાના ગઢમાં ક્યાં, ક્યારે, કેવાં બાકોરાં પાડવાં એની કુનેહ નરેન્દ્રપંત સુપેરે ધરાવે છે. ઉપરાંત વડા પ્રધાન મોદીને વિરોધી ભાષાવાળાઓને રાજકીય રીતે પૂરા કરવામાં સવિશેષ રસ રહે છે. ઉદ્ધવ અને રાજ અલગ રહીને મોદીનાં ગુણગાન કરતા રહે પણ ભેળા થાય નહીં એવી વ્યૂહરચના, મહારાષ્ટ્રમાં 'બિગ બ્રધર' તરીકે હવે સ્થાપિત થયેલી, ભારતીય જનતા પાર્ટીની રાજ્યથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધી રહી છે.

શિવસેનામાં રાજના ભળવાની વાત ચાલી રહી હોય ત્યાં શિવસેના પ્રમુખ બાળ ઠાકરેની અબજોની સંપત્તિને લઈને નિતનવા વિવાદ સર્જાતા રહ્યા છે. બાળા સાહેબના ત્રણ પુત્રો જયદેવ ઠાકરે, બિંદુ માધવ ઠાકરે

અનુસંધાન પાના નં. ૭ પર

## ટચુકડી જાહેરખબર ઘણીવાર વધુ અસરકારક અભિવ્યક્તિ કરવામાં ફિલ્મો કરતાં પણ વધુ સફળ પુરવાર થાય છે



### WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

**ઈશ્તેહારોં કા શહર હૈ શાયદ,**
**ઈસ મેં સિર્ફ ઈશ્તેહાર રહેતે હૈ!**
**દેખો ઉસ આદમીને મુંહ ખોલા**
**જીભ નંગી હૈ, ગોંદ સે આઓ**
**ઉસ પે ઈશ્તેહાર ચિપકા દે!**

**- ગુલઝાર**

આજનો યુગ એ માર્કેટીંગનો યુગ છે. અહીં બધું જ વેચાય છે અને બધું જ ખરીદાય પણ છે; બસ શરત માત્ર એટલી કે તમારી માર્કેટીંગ સ્કીલ જબરદસ્ત હોવી જોઈએ. આપણી ભાવનાઓને સ્પર્શી લેતી આ જાહેરખબરો આપણને લલચાવીને એક પોકળ ભ્રમિત સ્વપ્નસૃષ્ટિમાં દોરી જાય છે. આ જાહેરખબરની દુનિયાનું વશીકરણ ગજબ હોય છે. એ તમને મોહી લે છે, ખિસ્સાને પરવડે એમ ન હોય તો પણ મોંઘીદાટ ચીજવસ્તુઓ ખરીદવા મજબૂર કરી દે છે. કોઈ કારણોસર એ વસ્તુ ન ખરીદી શકાય તો મનમાં એક જાતની બેચેની અનુભવાય છે અને એમાંય હવે તો સરળ હપ્તા, ઝીરો ટકા ફાઈનાન્સ વગેરે તરત તમારી વહારે દોડી આવે છે. પણ સરવાળે તો આ બધી વસ્તુઓનો મોહ થોડા જ સમયમાં ઓછો થઈ જાય છે. મોટા મોટા સુપરસ્ટાર, ખેલાડીઓ અને સેલિબ્રિટીઝ ઘરમાં વપરાતી સાવ નાની એવી ચીજવસ્તુઓની જાહેરાત કરતા હોય છે. એના માટેના એમને તો અઢળક પૈસા મળતા હોય પણ સાધારણ વર્ગ માટે એ લલચાવનારી ઑફર ઘણી ભારે પડી શકે છે.

જાહેરખબરના આ વિશ્વમાં નવી વસ્તુ ઉમેરાઈ છે અને તે છે સંબંધો, ભાવનાઓ અને સંવેદનાઓનું માર્કેટિંગ. જાહેરાત જોઈને ઘણીવાર આંખો છલકાઈ જાય એટલું ભાવુક બની જવાતું હોય છે. જો કે, આ પ્રકારની જાહેરખબરો બનાવનાર અને જેના મનમાં આ પ્રકારના સર્જનાત્મક (innovative ideas) વિચારો આવે છે, તે ખરેખર કાબિલેતારીફ છે. માત્ર બે જ મિનિટમાં તમારી પ્રૉડક્ટ, એ શા માટે વાપરવી અને એની સાથેનું emotional attachment થઈ જાય એવું કંઈક create કરવું એ ખરેખર ખૂબ મુશ્કેલ બાબત છે. લાંબી-લાંબી ત્રણ કલાકની ફિલ્મો પાછળ ખર્ચાતા men power થી લઈને બજેટ સુધી બધું જ આ જાહેરાતોથી ઘણું બધું હોવા છતાં આ ટચુકડી જાહેરખબર ઘણીવાર વધુ અસરકારક અભિવ્યક્તિ કરવામાં ફિલ્મો કરતાં પણ વધુ સફળ પુરવાર થાય છે. ફિલ્મો એ સમાજનું પ્રતિબિંબ હોય અને તેના દ્વારા કોઈ મેસેજ લોકો સુધી પહોંચે એ રીતે તેને બનાવવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. પણ આ જાહેરખબરો બનાવનારની સર્જનક્ષમતા અને કાબેલિયત કેટલીક વાર ખૂબ હૃદયસ્પર્શી સંદેશ આપણા સુધી પહોંચાડતી જાય છે.

**વોટ્સએપ કે ફેસબુક પર વાઈરલ થતા મેસેજીસ અને વીડિયોઝ પણ ખૂબ વેધક અને ટચી હોય છે, આપણામાં રહેલી સુષુપ્ત માનવતા, આપણું ગેરવર્તન કે આપણી કોઈ કુટેવ આપણી સમક્ષ લઈ આવવાની અને આપણને અરીસો બતાડવાની ક્ષમતા આ પ્રકારના મેસેજીસ અને વીડિયોઝમાં હોય છે**

જાહેરાતોની જેમ જ Whats App કે Facebook પર વાઈરલ થતા મેસેજીસ અને વીડિયોઝ પણ ખૂબ વેધક અને touchy હોય છે. આપણામાં રહેલી સુષુપ્ત માનવતા, આપણું ગેરવર્તન કે આપણી કોઈ કુટેવ આપણી સમક્ષ લઈ આવવાની અને આપણને અરીસો બતાડવાની ક્ષમતા આ પ્રકારના મેસેજીસ અને વીડિયોઝમાં હોય છે. તેમાં એકાદ-બે ઉદાહરણ આપું તો હમણાં ૨૬ જાન્યુઆરી આસપાસ સોશિયલ મીડિયા પર દેશભક્તિનો જુવાળ ઉમટ્યો હોય એ પ્રકારે મેસેજીસ વાઈરલ બન્યા. DP, Profile માં તિરંગો અને તેની સાથે બંધબેસતું status આ બધું આપણે જોયું અને અનુભવ્યું. પણ ૨૭મી જાન્યુઆરીએ આવેલો આ મેસેજ બે ક્ષણ માટે આપણને વિચારતા કરી મૂકે એવો આવ્યો :

**"સો જાયેગી કલ લિપટકર**
**તિરંગે કે સાથ અલમારી મેં...**
**દેશભક્તિ હૈ સાહબ... તારીખોં**
**પર જગતી હૈ..."**

તે જ રીતે RJ નાવેદનો એક ઓડિયો પણ ખૂબ જ પ્રચલિત બન્યો કે જેમાં તેણે કહ્યું કે border પર જેટલા પણ જવાનો આ દેશની રક્ષા કરી રહ્યા છે તે strike પર ઉતરી જાય કે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને ઘરે પરત આવી જાય તો? તમે વિચાર્યું છે કયારેય કે માત્ર તેમને મળતી salary માટે જ નહિ પણ તેમનામાં રહેલી દેશદાઝની પૂર્તિ માટે તેઓ ત્યાં ફરજ નિભાવી રહ્યા છે. અને આ વાત આપણને વિચારતા કરી મૂકે. ફોરવર્ડેડ મેસેજ હોય કે આ પ્રકારના વીડિયોઝ કે ઓડિયોઝ તેને વાંચ્યા પછી, જોયા પછી કે સાંભળ્યા પછી ક્ષણવાર માટે આપણા રૂંવાટા ખડા થઈ જાય છે, આપણી સંવેદનાઓ જાગૃત બની જાય છે.

આજના આ જેટ યુગમાં બાળકો પાસે વાર્તાઓ સાંભળવાનો કે વડીલોને વાર્તાઓ કહેવાનો સમય રહ્યો નથી. તો એમાં પણ Whats App પર 'આજની વાર્તા' એમ કહીને રોજ સવારે શૈલેષ સત્પરીયાનો જે audio આવે છે તે નાના-મોટા સૌ સાથે બેસીને સાંભળે છે અને એ બહાને વિચારોનું આદાન-પ્રદાન થાય છે. નિયમિતપણે આપણા સુધી આ બેથી ત્રણ મિનિટની વાર્તા અને તેના દ્વારા એક મેસેજ, એક સદ્‌વિચાર આપણા સુધી પહોંચાડવા બદલ શૈલેષભાઈને સો-સો સલામ. બીજા અનેક ફિલ્મી ગીતો, જોક્સ, સારા-નરસા મેસેજીસ આ તમામની વચ્ચે આવી કેટલીક હકારાત્મક બાબતો પણ છે કે જે આપણને social mediaનું ઉજળું પાસું દર્શાવી જાય છે. તો આવા સુંદર, હૃદયસ્પર્શી, ઉપયોગી અને વેધક મેસેજીસ બનાવનારને, એ વિચાર જેના મનમાં સ્ફુરે છે અને જે કોઈ એને આપણા સુધી પહોંચાડે છે એ તમામને ખૂબ-ખૂબ અભિનંદન અને આભાર...

- nehalgadhavi101@gmail.com